सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ થયા તારીખ: | ૧૦–૦૯–૨૦૨૫ |
| રજી.લીધા તારીખ : | ૧૦–૦૯–૨૦૨૫ |
| ફેસલ થયા તારીખ: | ૨૩–૦૬–૨૦૨૬ |

---

ભિલોડાના મહે. એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,મું .ભિલોડા.

---

ક્રિ.કેસ નંબર–૧૪૯૮/૨૦૨૫
આંક–૨૧

ફરીયાદી:– શ્રી સરકાર
(શામળાજી પો.સ્ટે.ગુ.રજી.નં.૨૯૫/૨૦૨૫)

વિરુધ્ધ.

આરોપી:–(૧) નરેશભાઈ કાવજીભાઈ ડામોર,ઉં.વ.૩૩,
રહે.વસાયા,તા.ભિલોડા,જી.અરવલ્લી
(૨) સોમાભાઈ રમેશભાઈ ડામોર,ઉં.વ.૩૪,
રહે.મોટા પહાડીયા,તા.ભિલોડા,જિ.અરવલ્લી.

ગુન્હો:–ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ નીકલમ : ૧૧૫(૨),૧૧૮(૧) ,૩૨૪ (૪) ,૩૫૨ , ૩૫૧(૩),૫૪, તથા જી.પી.એકટ–૧૩૫ મુજબ.

---

ફરીયાદપક્ષે મદદનીશ સરકારી વકીલ શ્રી બી.આઈ.મનસુરી
આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી એન.બી.મીણા

---

// ઠરાવ //

(૧) ફરીયાદપક્ષના કેસની સંક્ષિપ્તમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૦૯/૦૬/૨૦૨૫ ના કલાક ૧૮:૦૦ વાગ્યે મોજે ભવાનપુર ગામે ક્રિષ્ણા હોટેલે આ કામના ફરીયાદી હોટલ ક્રિષ્ણા ખાતે મેનેજર તરીકે નોકરી ઉપર હાજર હતા તે વખતે આ કામના આરોપીઓ બે નંબરની સ્વીફ્ટ ગાડીઓ લઈ આવી ફરીયાદીને સાહેદ વનરાજભાઈ કનુભાઈ ડામોરનાઓ સાથે કોઈ તેઓની અંગત અદાવતના કારણે વનરાજભાઈ બાબતે પુછપરછ કરી હાજર નહીં હોવાનું જણાવતાં આ વનરાજભાઈના ભાઈ સાહેદ રમણભાઈનાઓને આ કામના આરોપી નં.૨ નાઓએ હાથ પગ તથા માથાના ભાગે લાકડીથી માર મારતા ફરીયાદી પોતે વચ્ચે પડતા ફરીયાદીને આ કામના આરોપી નં.૧ નાએ તેના હાથમાં પહેરેલ કડાથી માથાના ભાગે માર મારી ઈજા કરી તેમજ ફરીયાદીએ પહેરેલ સોનાની ચેઈન જપાજપીમાં કયાંક પાડી દઈ તેમજ હોટલ ઉપરના અન્ય સાહેદોને માર મારી તથા હોટલના કાઉન્ટર પાછળ રાખેલ ડી.વી.આર.તથા ચા ના કાઉન્ટર ના કાચ તોડી નુકસાન કરી ફરીયાદી તથા સાહેદોને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી મહે.જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીનાઓના જાહેરનામાનો ભંગ કરી આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ નીકલમ : ૧૧૫(૨),૧૧૮(૧),૩૨૪(૪),૩૫૨,૩૫૧(૩), ૫૪, તથા જી.પી.એકટ-૧૩૫ મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હા અંગેનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આરોપીઓને સમન્સ કાઢતા,આરોપીઓને સમન્સની બજવણી થતા આરોપીઓને બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦

અન્વયે પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપીઓ વિરૂઘ્ધ આંક–૦૬ થી ત્હોમતનામું ફરમાવી આંક–૦૭ તથા આંક–૦૮ થી આરોપીઓનું નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ ગુન્હો કરેલ હોવાનો ઈન્કાર કરતા કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવી ફરિયાદપક્ષને પુરાવો રજુ કરવા જણાવેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ છે.

**// મૌખિક પુરાવા //**

| **અ.નં** | **પુરાવાની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | સાહેદ સુધીરભાઈ નેમાજી ડામોરની જુબાની | ૧૨ |
| ૨. | સાહેદ સુભાષભાઈ અમરાભાઈ ગડસાની જુબાની | ૧૩ |
| ૩. | ફરીયાદી પિયુષકુમાર મહેન્દ્રભાઈ પંડયાની જુબાની | ૧૪ |
| ૪. | સાહેદ રમણભાઈ કનુભાઈ ડામોરની જુબાની | ૧૬ |

**// દસ્તાવેજી પુરાવા //**

| **અ.નં** | **પુરાવાની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૫ |
| ૨. | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું | ૧૭ |
| ૩. | મારક હથીયારનું પંચનામું | ૧૮ |
| ૪. | મેડીકલ સર્ટી | ૧૯ |

(૪) ત્યારબાદ આરોપીઓ વિરૂઘ્ધ પુરાવો આવેલ ન હોય આરોપીઓનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોધવા આવેલ નથી.

**(૫)** ઉપરોકત હકિકતે સદર કેસના ન્યાયીક નિર્ણય સારુ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–:: મુદ્દા ::–</u>**

(૧) શુ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૦૯/૦૬/૨૦૨૫ ના કલાક ૧૮:૦૦ વાગ્યે મોજે ભવાનપુર ગામે ક્રિષ્ણા હોટેલે આ કામના ફરીયાદી હોટલ ક્રિષ્ણા ખાતે મેનેજર તરીકે નોકરી ઉપર હાજર હતા તે વખતે આ કામના આરોપીઓ બે નંબરની સ્વીફ્ટ ગાડીઓ લઈ આવી ફરીયાદીને સાહેદ વનરાજભાઈ કનુભાઈ ડામોરનાઓ સાથે કોઈ તેઓની અંગત અદાવતના કારણે વનરાજભાઈ બાબતે પુછપરછ કરી હાજર નહીં હોવાનું જણાવતાં આ વનરાજભાઈના ભાઈ સાહેદ રમણભાઈનાઓને આ કામના આરોપી નં.૨ નાઓએ હાથ પગ તથા માથાના ભાગે લાકડીથી માર મારતા ફરીયાદી પોતે વચ્ચે પડતા ફરીયાદીને આ કામના આરોપી નં.૧ નાએ તેના હાથમાં પહેરેલ કડાથી માથાના ભાગે માર મારી ઈજા કરી તેમજ ફરીયાદીએ પહેરેલ સોનાની ચેઈન જપાજપીમાં કયાંક પાડી દઈ તેમજ હોટલ ઉપરના અન્ય સાહેદોને માર મારી તથા હોટલના કાઉન્ટર પાછળ રાખેલ

ડી.વી.આર.તથા ચા ના કાઉન્ટર ના કાચ તોડી નુકસાન  કરી ફરીયાદી તથા સાહેદોને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી મહે.જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીનાઓના જાહેરનામાનો ભંગ કરી આરોપીઓ વિરૂઘ્ધ ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ નીકલમ :૧૧૫ (૨) ,૧૧૮(૧) ,૩૨૪(૪),૩૫૨ , ૩૫૧(૩),૫૪, તથા જી.પી.એકટ–૧૩૫ મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**<u>કારણો અને ચર્ચા</u> :–**

**(૭)** ફ.પ.ત સાહેદ સુધીરકુમાર નેમાજી ડામોર ને આંક–૧૨ થી તપાસતા તેઓએ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં એવુ જણાવેલ છે કે,તા.૯/૬/૨૫ ના રોજ હું ભવાનપુર ખાતે ક્રિષ્ણા હોટલ ઉપર મારી નોકરી ઉપર હાજર હતો તે વખતે સાંજના સમયે હોટલ ઉપર બે નંબર વગરની સ્વીફટ ગાડી  આવેલી અને તેમાંથી માણસો ઉતરી મારી હોટલ ઉપર અમારા મેનેજર  પાસે આવેલા અને અમારી હોટલ ઉપર કામ કરતો વનરાજ કયાં છે એમ પુછતા વનરાજ હાલ હોટલ ઉપર નથી એમ કહેતા અમારી હોટલ પર વનરાજનો ભાઈ રમણ નોકરી કરતો હોઈ તેને આ બે ઈસમો તારો ભાઈ વનરાજ કયાં છે એમ પુછી અમારી સાથે બંને ઈસમોએ ઝઘડો  કરી

બોલાચાલી કરેલી.જેથી તેઓની વિરુધ્ધ ફરીયાદ કરતા પોલીસે ફરીયાદના અનુસંધાને મારો જવાબ લીધેલો.આ સિવાય બીજુ કશુ બનેલ નથી.

સદરહુ સાહેદ ફરીયાદ પક્ષને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે,જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે,એ વાત ખરી છે કે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કઈ બનેલુ નહી.

**(૭.૧)** ફ.પ.ત સાહેદ સુભાષભાઈ અમરાભાઈ ગડસાને આંક-૧૩ થી તપાસતા તેઓએ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, તા.૯/૬/૨૫ ના રોજ હું ભવાનપુર ખાતે ક્રિષ્ણા હોટલ ઉપર મારી નોકરી ઉપર હાજર હતો તે વખતે સાંજના સમયે હોટલ ઉપર બે નંબર વગરની સ્વીફ્ટ ગાડી આવેલી અને તેમાંથી માણસો ઉતરી મારી હોટલ ઉપર અમારા મેનેજર પાસે આવેલા અને અમારી હોટલ ઉપર કામ કરતો વનરાજ કયાં છે એમ પુછતા વનરાજ હાલ હોટલ ઉપર નથી એમ કહેતા અમારી હોટલ પર વનરાજનો ભાઈ રમણ નોકરી કરતો હોઈ તેને આ બે ઈસમો તારો ભાઈ વનરાજ કયાં છે એમ પુછી અમારી સાથે બંને ઈસમોએ ઝઘડો કરી બોલાચાલી કરેલી.જેથીતેઓની વિરુધ્ધ ફરીયાદ કરતા પોલીસે ફરીયાદના અનુસંધાને મારો જવાબ લીધેલો.આ સિવાય બીજુ કશુ બનેલ નથી.

સદરહુ સાહેદ ફરીયાદ પક્ષને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે,જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે,એ વાત ખરી છે કે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કઈ બનેલુ નહી.

(૭.૨)  ફ.પ.ત ફરીયાદી પિયુષકુમાર મહેન્દ્રભાઈ પંડયાને આંક–૧૪ થી તપાસતા તેઓએ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં એવુ જણાવેલ છે કે,તા.૯/૬/૨૫ ના રોજ હું ભવાનપુર ખાતે ક્રિષ્ણા હોટલ ઉપર મારી મેનેજરની નોકરી ઉપર હાજર હતો તે વખતે સાંજના સમયે હોટલ ઉપર બે નંબર વગરની સ્વીફ્ટ ગાડી આવેલી અને તેમાંથી માણસો ઉતરી મારી હોટલ ઉપર મારી પાસે આવેલા અને અમારી હોટલ ઉપર કામ કરતો વનરાજ કયાં છે એમ પુછતા વનરાજ હાલ હોટલ ઉપર નથી એમ કહેતા મારી હોટલ પર વનરાજનો ભાઈ રમણ નોકરી કરતો હોઈ તેને આ બે ઈસમો તારો ભાઈ વનરાજ કયાં છે એમ પુછી અમારી સાથે બંને ઈસમોએ ઝઘડો કરી બોલાચાલી કરેલી.જેથી મે તેઓની વિરુધ્ધ ફરીયાદ કરેલી.જે મને ફરીયાદની અસલ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જે જોઈ ઓળખુ છુ. જે રજુ દાખલ આંક.૧૫ આપવામાં આવે છે. આ સિવાય બીજુ કશુ બનેલ નથી.

સદરહુ સાહેદ ફરીયાદ પક્ષને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે,જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે,એ વાત ખરી છે કે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કઈ બનેલુ નહી.

(૭.૩)  ફ.પ.ત સાહેદ રમણભાઈ કનુભાઈ ડામોરને આંક–૧૬ થી તપાસતા તેઓએ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં એવુ જણાવેલ છે કે, તા.૯/૬/૨૫ ના રોજ હું ભવાનપુર ખાતે ક્રિષ્ણા હોટલ ઉપર મારી નોકરી ઉપર હાજર હતો તે વખતે સાંજના સમયે હોટલ ઉપર બે નંબર વગરની સ્વીફ્ટ ગાડી આવેલી અને તેમાંથી માણસો ઉતરી મારી હોટલ ઉપર અમારા મેનેજર પાસે આવેલા અને અમારી હોટલ ઉપર મારી સાથે કામ કરતો મારો ભાઈ

વનરાજ કયાં છે એમ પુછતા વનરાજ હાલ હોટલ ઉપર નથી એમ કહેતા અમારા બંને એટલે કે મારા અને સુભાષની સાથે બંને ઈસમોએ ઝઘડો કરી બોલાચાલી કરેલી.જેથી તેઓની વિરુધ્ધ ફરીયાદ થતા પોલીસે ફરીયાદના અનુસંધાને મારો જવાબ લીધેલો.આ સિવાય બીજુ કશુ બનેલ નથી.

સદરહુ સાહેદ ફરીયાદ પક્ષને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે,જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે,એ વાત ખરી છે કે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કઈ બનેલુ નહી

(૦૮) આમ, ફરીયાદ પક્ષે રજુ તમામ પુરાવાનું સમગ્રપણે મુલ્યાંકન કરવામાં આવે તો આ કામના ફરીયાદી તથા સાહેદો હોસ્ટાઇલ થઈ ગયેલ છે તથા ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી.આરોપી પક્ષે નિખાલસપણે ગુન્હાવાળી જગ્યાનું પંચનામું તથા હથીયાર રીકવર પંચનામું તે રેકર્ડ પર તો આવેલા છે પરંતુ સદર પંચનામા એ હકીકત પુરવાર થતી નથી કે ફરીયાદ મુજબનો જ બનાવ બનવા પામેલો. ફરીયાદી તથા સાહેદોએ જાતે જ એવુ જણાવે છે કે, આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સંજોગોમાં તપાસ કરનાર અમલદારને તપાસવાનો કોઈ અર્થ રહેતો નથી. આમ, ફરીયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો રેકર્ડ પર લાવવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. ફરીયાદ પક્ષના પુરાવાઓનું મુલ્યાંકન આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાયેલ ત્હોમત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે.આવા સંજોગોમાં આરોપીઓ ને તકસીરવાન ઠરાવી શકાય

નહી.ઉપરોકત તમામ ચર્ચા મુજબ મુદ્દા નં.(૧) નો જવાબ ''નકાર''માં આપી મુદ્દા નં.(૨) પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

આરોપીઓ નં.(૧) નરેશભાઈ કાવજીભાઈ ડામોર,ઉ.વ.૩૩, રહે.વસાયા,તા.ભિલોડા,જી.અરવલ્લી,(૨) સોમાભાઈ રમેશભાઈ ડામોર, ઉ.વ.૩૪,રહે.મોટા પહાડીયા,તા.ભિલોડા, જિ.અરવલ્લીને તેમ ની સામે આક્ષેપિત ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ નીકલમ : ૧૧૫(૨), ૧૧૮(૧),૩૨૪ (૪) ,૩૫૨ , ૩૫૧(૩),૫૪, તથા જી.પી.એકટ–૧૩૫ મુજબ.ના શિક્ષા નેપાત્ર ગુન્હામાંથી બી.એન.એસ.એસ.ની કલમ– ૨૭૧(૧) અન્વયે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓના અગાઉના જામીનખત અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૨૩મી,માહે–જુન,સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૩–૦૬–૨૦૨૬ (તુષારકુમાર વીરાભાઈ પરમાર)
મુકામ: ભીલોડા એડિશનલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ,
ભિલોડા.
**UID CODE GJ01084**